**જન્મદિને વધામણી**



જશુભાઈ સી પટેલ
મો. ૯૮૯૮૭ ૨૩૪૨૫



જગદીશચંદ્ર બી પંડિત
મો. ૭૮૦૦૦ ૫૭૩૨૧

‘ધર્મવંદના’ વિષયે

# એમ બી પટેલ અંગ્રેજી માધ્યમ સ્કૂલનો વાર્ષિકોત્સવ







સર્વ વિદ્યાલય સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલનો વાર્ષિકોત્સવ તાજેતરમાં યોજાયો હતો, જેમાં વીપીએમપી પોલિટૅકનીકના દાતા વિષ્ણુભાઈ પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ડૉ. વિણાબેન પટેલ, ડૉ. સોમભાઈ પટેલ, ભગિની સંસ્થાના આચાર્યો, વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્ષના વાર્ષિકોત્સવનું થીમ ‘ધર્મવંદના’ નિયત કરવામાં આવ્યું હતું, જેના ઉપલક્ષ્યમાં ચાર ધર્મગુરુઓને પણ કાર્યક્રમમાં ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. પંચદેવ મંદિરના નીલકંઠ શાસ્ત્રીજી, સીએનઆઈ ફેઈથ, સૅક્ટર-૨૦ના રેવ. ઉદય ભાદુ, સૅ. ૫ મસ્જિદથી જનાબ રાહત અંજુમ સાહબ ઉપસ્થિત રહ્યા હતા.

તમામ ધર્મની વંદના નૃત્ય સ્વરૂપે કરવામાં આવી હતી અને તમામ ધર્મોનું હાર્દ એવી માનવતાની વાત માઈમ સ્વરૂપે ઉજાગર કરવામાં આવી હતી. શાળાની રાષ્ટ્રકક્ષાની વિજેતા વિદ્યાર્થીની પ્રગતિ માળી અને ઍલિસ ક્રિશ્ચિયન દ્વારા જિમ્નાસ્ટીક્સના સુંદર પ્રયોગો કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વિવિધ ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિથી નવાજવામાં આવ્યા હતા. કુલ રૂપિયા ૪૫ હજારથી વધુની સ્કૉલરશીપ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. ઉપરાંત જેમના ઘરની આર્થિક સ્થિતિ નબળી હોય પરંતુ ભણવામાં હોંશિયાર હોય તેવા વિદ્યાર્થીઓની રૂા. ૧૦ હજારથી વધુની ફી પરત કરી તેમને અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ખેલ મહાકુંભ અને રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ દેખાવ કરનારા વિદ્યાર્થીઓને સરકાર તરફથી દોઢ લાખથી વધુની રોકડ રકમ પ્રાપ્ત થઈ હતી, જે તેમને આ પ્રસંગે એનાયત કરવામાં આવી હતી. જિલ્લા અને રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી ટ્રૅકશૂટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને એએૅફએૅસના સૌજન્યથી વિદેશ જઈ આવેલા વિદ્યાર્થીઓને પણ સન્માનવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનો રિપૉર્ટ વાલીઓ સુધી પહોંચે તે હેતુથી ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં સ્કૂલ ઍપ્લિકેશન લૉન્ચ કરવામાં આવી હતી અને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર શિક્ષકો અને આચાર્યને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્નેહા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું, વિપાશા લિલાની અને વિશ્વા ઠક્કરે સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ઉદ્‌ઘોષણાની સેવા પૂરી પાડી હતી. આ વાર્ષિકોત્સવના સફળ આયોજન બદલ કાર્યક્રમ સંયોજક શૂપર્ણા મુખર્જી અને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને સમગ્ર શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

**ડાયરેક્ટ ❤ સે**

ભૂલ એનાથી જ થાય છે
જે સારું કરવાનો
પ્રયત્ન કરતા હોય છે
બાકી કંઈ જ
નહીં કરનારા તો
ભૂલો જ
શોધ્યા કરતા હોય છે

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

\- સંપાદક

## આર જી - એસ બી સ્કૂલની વિદ્યાર્થીનીઓને રાજ્યપાલના હસ્તે સન્માન

ગાંધીનગર, તા. ૨૮

શ્રીમતી આર જી પટેલ ગર્લ્સ સૅકન્ડરી સ્કૂલ અને શ્રીમતી એસ બી પટેલ ગર્લ્સ હાયર સૅકન્ડરી સ્કૂલમાં ચાલતી સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિમાં ૨૦૧૬-૧૭ના વર્ષ દરમિયાન માધ્યમિક વિભાગની પાંચ વિદ્યાર્થીનીઓએ રાજ્યપાલ પુરસ્કાર પરીક્ષા પાસ કરી હતી, જેમને રાજ્યપાલના હસ્તે ઍવોર્ડ પ્રાપ્ત થયો છે.

ઋષાલી આર રાવ, હાર્દિ બી રાવલ, ખુશી જે પારેખ, આકાંક્ષા જે પ્રજાપતિ અને પંક્તિ જી ચૌધરીને આ પરીક્ષા પાસ કરવા બદલ રાજ્યપાલ ઓ પી કોહલીના હસ્તે ઍવોર્ડ પ્રાપ્ત થયો હતો. ઉપરાંત શાળાનાં માધ્યમિક વિભાગનાં શિક્ષક મંજુલાબેન બી ચૌધરીને આ પ્રવૃત્તિ અન્વયે રાજ્યપાલના હસ્તે ‘બાર ટુ મૅડલ ઑફ મૅરીટ’નું સન્માન પ્રાપ્ત થયું હતું. આ સિદ્ધિ બદલ આચાર્ય સુધાબેન પટેલ, માધ્યમિક વિભાગના સુપરવાઈઝર ગિતેષભાઈ પટેલ અને શાળા પરિવારે વિદ્યાર્થીનીઓ અને શિક્ષકને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.





ગાંધીનગર ટાઉનહૉલ ખાતે તાજેતરમાં રાજપુત સમાજ દ્વારા મ્યુઝિકલ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. લાખીયા બ્રધર્સ ઍન્ડ પાર્ટી સાથે ‘અરે દિવાનોં મુજે પહેચાનો’ શિર્ષક હેઠળ પ્રસ્તુત આ કાર્યક્રમ સમાજજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને માણ્યો હતો. આ પ્રસંગે રાજપુત સમાજના અગ્રણી ઍડવોકેટ દિલીપસિંહ બિહોલાએ અમિતાભ બચ્ચનના લોકપ્રિય ગીતો ગાઈ તથા ફિલ્મ સાત હિન્દુસ્તાનીથી લઈને સરકાર-૩ સુધીની ફિલ્મોના સંવાદો પ્રસ્તુત કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સમાજના મોભી અને ભામાશા સી જે ચાવડાએ આગવી અદામાં દિલીપસિંહ બિહોલાના કામને બિરદાવ્યું હતું તેમજ પંચદેવ મંદિરમાં સંગીતના ક્લાસ ચલાવતા પ્રજ્ઞાચક્ષુ હરગોવનભાઈ મકવાણાનું શાલ અને હારથી સન્માન કર્યું હતું. રાજપુત સમાજના પ્રમુખ ડૉ. શંકરસિંહ રાણાએ પણ દિલીપસિંહ બિહોલાને સમાજ વતી સન્માનિત કરી ખૂબ જ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે આલમપુર ખાતે શૈક્ષણિક સંકુલ, સ્પૉર્ટ્સ સંકુલ, ટ્રેનિંગ ઍકેડેમી તથા રેસ્ટ હાઉસ વગેરેની માહિતી આપી હતી અને સર્વ સમાજજનોને આ માટે ખુલ્લા હાથે દાન કરવા અપીલ કરી હતી. આ કાર્યક્રમનો તમામ ખર્ચ દિલીપસિંહ દ્વારા વહન કરવામાં આવ્યો હતો અને કાર્યક્રમ દરમિયાન આવેલો તમામ ફાળો તેમણે રાજપુત સમાજને સમર્પિત કર્યો હતો. આભારવિધિ પ્રદિપસિંહ બિહોલાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન સંયોજક વિપુલ પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી, કડી સંચાલિત

# સી.એન.આર્ટસ એન્ડ બી. ડી.કોમર્સ કોલેજનો એનએસએસ શિબિર યોજાયો

## લોકોપયોગી વિવિધ વિષયો બાબતે ગ્રામજનોને જાગૃત કરવાનો વિદ્યાર્થીઓ દ્વારા પ્રયાસ કરાયો

ગાંધીનગર, તા. ૨૮

શ્રી એમ.પી.શાહ એજયુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન.આર્ટસ એન્ડ બી. ડી.કોમર્સ કોલેજ દ્વારા તા. ૨૦-૦૧-૨૦૧૬ થી ૨૬-૦૧-૨૦૧૬ નાં રોજ કડી તાલુકાનાં નગરાસણ ગામે ખાસ શિબિરનું આયોજન કરાયું હતું.

આ શિબિરમાં ડિજીટલ બેંકિંગ, સ્વછતા અભિયાન, બેટી બચાઓ, ગ્રામ સર્વે, મેડીકલ કેમ્પ, કૃષિ આધુનિકીકરણ, કાનુની સલાહ તેમજ શેરી નાટકો વગેરે દ્વારા ગ્રામ જાગૃતિનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સમગ્ર શિબિરના આયોજન, સંચાલન તેમજ વિવિધ કાર્યક્રમો માટે શ્રી એમ. પી. શાહ. એજયુકેશનના ટ્રસ્ટીઓ તથા કડી નગરપાલિકાના હોદ્દેદારોના સહયોગ તેમજ નગરાસણ ગ્રામ પંચાયત પ્રાથમિક શાળા, દૂધ મંડળી, સેવા સહકારી મંડળીનો સક્રિય સહકાર સાંપડયો હતો. ગ્રામજનોએ પણ વિદ્યાર્થીઓને આ શિબિર માટે પૂરતી સહાય પૂરી પાડી હતી અને તેમના દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓમાં હાજરી આપવામાં આવી હતી.

એનએસએસના સ્વયંસેવકોએ આ પ્રવૃતિઓ સાથે નજીકનાં છાલેસરા, વિસલપૂર, આદુંદરા ગામની પણ મુલાકાત લઈ ગ્રામજનોને જાગૃત કરવાનો ઉમદા પ્રયાસ કર્યો હતો. સમગ્ર શિબિરનું સફળતાપૂર્વક આયોજન એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. સી. ડી. ધંધુકિયા દ્વારા આચાર્ય ડૉ. જી. ડી. ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# એકપક્ષીય સંબંધો સાચવવાની વેદના અને વ્યથા

એક યુવતીને એક યુવક સાથે પહેલા દોસ્તી અને પછી પ્રેમ થઈ ગયો. યુવતી યુવકને અનહદ પ્રેમ કરવા લાગી. દિવસ-રાત એ યુવતી, એ યુવકનાં જ વિચારોમાં મગ્ન રહેવા લાગી. યુવકને સંબોધીને ભાંગી-તૂટી, સારી-નરસી, કવિતા કહી શકાય કે ના કહી શકાય એવી ભાષામાં પોતાની લાગણીઓ કવિતા રૂપે વ્યક્ત કરવા લાગી. પોતે એ યુવક સાથે લગ્નગ્રંથિથી જોડાઈને પોતે કેવું કેવું જીવન જીવશે એના સપનાઓમાં પણ રાચવા લાગી.

યુવકને પણ એ વાતની જાણ હતી કે તે યુવતી પોતાને ખૂબ જ પ્રેમ કરે છે. બંને વચ્ચે વોટ્સએપ દ્વારા સંદેશાઓની આપ-લે થાય. બંને કલારસિકો એટલે કલાને લગતા વિચારોની પણ ચર્ચાઓ થાય. બંને અલગ-અલગ શહેરોમાં રહે એટલે ક્યારેક ફોન દ્વારા ઔપચારિક કે અનૌપચારિક વાતચીત થાય. યુવતી એ યુવકનાં સંપર્કમાં રહેવા માટે, તેની સાથે વાતચીત કરવા માટે કે પ્રસંગોપાત રૂબરૂ મળવા માટેના કોઈ પણ બહાના શોધી કાઢે અને પોતે તેમાં સફળ પણ થાય. યુવક પણ એ યુવતીનાં પ્રેમને સારી રીતે જાણે. યુવતીની પોતાના પ્રત્યેની લાગણી પણ અનુભવે. પોતાના પ્રત્યેના યુવતીનાં લગાવને ઓળખે અને તેનો પોતે આનંદ પણ માણે. યુવતીનાં લાખ પ્રયત્નો છતાં, યુવકે ક્યારેય યુવતી પ્રત્યેની પોતાની લાગણી કેવી છે એ છતી ના કરી કે દેખાવા ના દીધી. છતાં બંને વચ્ચે સંદેશાઓ, વાતચીત, ચર્ચાઓ, મુલાકાતોનો દૌર લાંબા સમય સુધી ચાલુ રહ્યો. બંને વચ્ચે આ પ્રકારના વ્યવહારને દોઢથી બે વર્ષનો સમય વીતી ગયો. યુવતી માટે લગ્નના પ્રસ્તાવો આવવા લાગ્યા. યુવતીના મા-બાપ પણ યુવતી માટે યોગ્ય મુરતીયો શોધવા લાગ્યા. યુવતીને થયું કે મા-બાપ મુરતીયો શોધી લે અને પોતાના ઉપર દબાણ કરે અને બાજી હાથમાંથી સરી જાય એ પહેલાં બાજી ખોલી દેવી. યુવતીએ એક દિવસ એ યુવકને સીધો જ પ્રસ્તાવ મૂક્યો કે પોતે તેને અનહદ ચાહે છે અને પોતે તેની સાથે લગ્ન કરવા ઈચ્છે છે. યુવતીની વાત સાંભળીને કોઈપણ પ્રકારના આશ્ચર્ય, આઘાત કે આનંદ વિના ખૂબ જ સરળતાથી યુવકે પ્રતિભાવ આપતા કહ્યું કે પોતે તેને એ દૃષ્ટિએ ક્યારેય જોઈ જ નથી. પોતે તો યુવતી સાથે દોસ્તી બાંધી હતી ને એ પવિત્ર, સાચી દોસ્તી નિભાવવા પોતે તૈયાર છે.

યુવકનો પ્રતિભાવ સાંભળીને યુવતીનાં સપનાઓ ભાંગીને ભુક્કો થઈ ગયા. યુવતી એમ જ માનતી હતી કે પોતે એ યુવકને જે રીતે ચાહે છે, પ્રેમ કરે છે, એવી જ રીતે એ યુવક પણ પોતાને ચાહે છે અને પ્રેમ કરે છે. અંતે યુવતીને ભાન થયું કે




પોતાનો પ્રેમ એકપક્ષિય હતો. એ પ્રેમ માત્ર પોતાના તરફથી જ હતો. યુવકને પોતાના પ્રત્યે ક્યારેય એ પ્રકારની લાગણી કે પ્રેમ હતાં જ નહીં.


એ યુવતી પેલા યુવકને એટલો પ્રેમ કરતી હતી કે પોતે તેના માટે બધું જ કરી છૂટવા તૈયાર હતી. પોતે પણ એ યુવક પાસેથી એટલા જ પ્રેમની અપેક્ષા રાખતી હતી. પેલા યુવકે જ્યારે યુવતીના પ્રસ્તાવનો ઠંડોગાર પ્રતિભાવ આપ્યો ત્યારે યુવતીને એવી લાગણી થઈ કે પોતે પ્રેમના દ્વાર ખૂલવાની આશામાં ને આશામાં જે ઉપર પોતાનાં હાથ સતત પછાડતી રહી હતી, હકિકતમાં એ દ્વાર હતું જ નહીં પણ કાળમીંઢ પત્થરોની ભીંત હતી. યુવતીને એવી પણ લાગણી થઈ કે પોતે પ્રેમના આકાશમાં ઊંચે ને ઊંચે ઉડવા માટે સતત પ્રયત્નો કરતી હતી પણ પોતાને એ વાતની જાણ જ ના રહી કે પોતાની પાંખો જ તૂટેલી હતી.

યુવતીના પ્રસ્તાવનો યુવકે ઈનકાર કર્યા પછી એ યુવતી તેને ભૂલવાનો સતત પ્રયત્ન કરતી રહી. જેમ જેમ એ યુવતી ભૂલવાનો પ્રયત્ન કરતી રહી એમ એ યુવક અને એ તેની સાથે વિતાવેલી પળોની યાદો વધારે ને વધારે ઘેરી બનતી ગઈ.

એકપક્ષીય પ્રેમમાં એવું જ થતું હોય છે. એકપક્ષીય પ્રેમની પરાકાષ્ઠા તો એ છે કે, વ્યક્તિ જેને પ્રેમ કરતી હોય, તે વ્યક્તિ તરફથી પોતાને પ્રેમ તો મળતો જ નથી પણ પછી પોતે તેને નફરત કરવા ઈચ્છે તો નફરત પણ નથી કરી શકતી. એ યુવતીની પણ એ જ હાલત થઈ ગઈ.

એકપક્ષીય પ્રેમ એ માત્ર યુવક-યુવતીઓનાં પ્રેમનાં કિસ્સાઓમાં જ બને છે એવું નથી. કોઈપણ પ્રકારનાં સંબંધોમાં આવું બની શકે છે. વ્યક્તિની એ પ્રિયા હોય કે પ્રિયતમ હોય, મિત્ર હોય, સ્નેહી હોય, સંબંધી હોય, સહકર્મચારી હોય, કુટુંબીજન હોય, પાડોશી હોય કે પતિ-પત્ની પણ શકે. કોઈ પણ પ્રકારનાં સંબંધોમાં ક્યારેક એવું બનતું હોય છે કે એ સંબંધોને વિકસાવવા કે ટકાવવા માટે એક પક્ષેથી સંન્નિષ્ઠ અને સાચુકલા પ્રયત્નો થતા હોય છે. જે વ્યક્તિ આ પ્રકારના પ્રયત્નો કરતી હોય છે તે સામી વ્યક્તિ સાથે સાચુકલા સંબંધો રાખવા ઈચ્છતી હોય છે. તે દિલથી પ્રેમ કરતી હોય છે, પણ સામે પક્ષેથી ક્યારેક, અથવા તો ક્યારેય પણ અપેક્ષિત હકારાત્મક પ્રતિભાવો ના મળે. ક્યારેક તો એવું પણ બને કે જે વ્યક્તિ સંબંધો નિભાવવા માટે પ્રયત્નો કરતી હોય તે વ્યક્તિ જેટલી વધારે નજીક જાય, એટલી જ પેલી વ્યક્તિ વધારે દૂર ભગવાનો પ્રયત્ન કરે. પેલી વ્યક્તિ જેટલી વધારે હુંફ આપવાનો પ્રયત્ન કરે એટલી જ સામેની વ્યક્તિ ઠંડીગાર બનતી જાય. એવું નથી હોતું કે સામેની વ્યક્તિને પેલી વ્યક્તિના પ્રેમ, સ્નેહ કે લાગણીની ખબર નથી હોતી. તે વ્યક્તિ બધું જ જાણતી હોય છે છતાં, ક્યારેક જાણી જોઈને, ક્યારેક અજાણતા તો ક્યારેક કોઈ અકળ કારણોસર પોતે પેલી વ્યક્તિની અવગણના કરે છે અથવા તો હકારાત્મક પ્રતિભાવ નથી આપતી. હકારાત્મક પ્રતિભાવની વાત તો એક બાજુ રહી પણ ક્યારેય પ્રમાણિકતાથી, ખુલીને એ વાતનો સ્વીકાર પણ નથી કરતી કે પોતે કોઈપણ પ્રકારના સંબંધો રાખવા નથી ઈચ્છતી. જે વ્યક્તિ હકારાત્મક પ્રતિભાવ નથી આપતી. તે જો પેલી વ્યક્તિની અવગણના કરીને, તરછોડીને, સ્પષ્ટ રીતે મોઢામોઢ કહી દે કે પોતાને સંબંધો નિભાવવામાં કોઈ જ રસ નથી, તો એક વાતનો નિવેડો આવી જાય. પણ આવું કરવાને બદલે વ્યક્તિ બંને વચ્ચેના સંબંધોની દિવાલ ઉપર જ બેસી રહે છે જેથી કરીને કોઈ પણ સમયે કોઈ પણ બાજુ કૂદકો મારી શકાય.

(ક્રમશ:)



એમ પી શાહ એજ્યુકેશન સોસાયટી સંચાલિત

# આટ્‌ર્સ-કૉમર્સ કૉલેજના વિદ્યાર્થીઓ વિવિધ કક્ષાની સ્પર્ધાઓમાં ઝળહળ્યા

ગાંધીનગર, તા. ૨૮

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ યોગાસન સ્પર્ધામાં કડી આટ્‌ર્સ અને કૉમર્સ કૉલેજ, કડીના નરેશભાઈ વાઘરીએ ચોથા ક્રમે સ્થાન પ્રાપ્ત કર્યું.

એમ.પી.શાહ.એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન.આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડીના વિદ્યાર્થી નરેશભાઈ વાઘરીએ વિસનગર મુકામે યોજાયેલ આંતર કોલેજ યોગાસન સ્પર્ધામાં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને આંતર યુનિવર્સિટી કક્ષાએ કુરૂક્ષેત્ર મુકામે ભાગ લીધો હતો. યુનિવર્સિટી યુવાકલ્યાણ વિભાગ પ્રેરીત ત્રિદિવસીય યોગાશિબિર મહિલા આર્ટસ કોલેજ વિદ્યાનગરી હિંમતનગર મુકામે યોજાઈ હતી, જેમાં કોલેજના ગોસ્વામી પ્રકાશગીરી અને જાનુ પરમારે ભાગ લીધો હતો. તેઓ યોગપ્રશિક્ષકની તાલીમ માટે હરદ્વાર મુકામે ભાગ લેવા ગયા છે. કોલેજના આચાર્ય ડૉ. જી. ડી. ત્રિપાઠી, ડૉ. પ્રવિણભાઈ વી. ચૌધરી, મંત્રી નલીનભાઈ શાહ ટ્રસ્ટી અને કોલેજ પરિવાર વિધાર્થીઓને અભિનંદન આપી તેમની પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**‘મારી યાદગાર સ્કૂલ’**